વાપી સ્ટેશન નજીક સબ-વે નિર્માણને પગલે આજે કેટલીક ટ્રેનો પ્રભાવિત થશે

વાપી : વાપી-બગવાડા સ્ટેશન વચ્ચે બલીઠા પાસે સબ-વે નિર્માધીન થઈ રહ્યો છે. જે અંતર્ગત 13મી ફેબ્રુઆરી મંગળવારે સવારે 11:40 થી બપોરે 2:10 સુધીનો બ્લોક રહેશે. જેના પગલે 09154-09153 વલસાડ-ઉમરગામ મેમુ સ્પેશ્યલ રદ કરાઈ છે. મુંબઈ જતો અમૃતસર પશ્ચિમ સુપર ફાસ્ટ 2 કલાક 10 મિનિટ, જમ્મુ તાવી 2 કલાક 15 મિનિટ, મુંબઈ જતી ગુજરાત એક્સપ્રેસ 1 કલાક 15 મિનિટ, તિરૂચ્ચિન્નાપલ્લી એક્સપ્રેસ 1 કલાક 40 મિનિટ, રાણી લક્ષ્મીબાઈ એક્સપ્રેસ 55 મિનિટ, દાદર-પોરબંદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસ 1કલાક 50 મિનિટ મોડી દોડશે.

અનુસંધાન ... પાના છેલ્લાનું

લીંબુ તો...

ભુસાવલ, ચાલીસગાવ, ધૂળિયા, બાલગવડા, ઉત્તરાણા, પવતુડા વિસતરોમાંથી લીંબુ આવી રહ્યાં છે. પણ સુરત શહેરની 70 લાખની વસ્તીની જરૂરિયાત માટે એ પૂરતો નથી. એટલે કે, શોર્ટ સપ્લાયને લીધે ભાવો વધી રહ્યાં છે. આ વર્ષે સીઝન પછીના વરસાદથી ખેડૂતોની વાડીઓ, બગીચાઓમાં ઝાડ પરથી ફૂલો ખરી પડ્યા હતાં. જે માલ પાક્યો, એ ખરાબ નીકળ્યો હતો. એને લીધે ખેડૂતોને મોટાપાયે નુકશાન થયું હતું. હવે દિવસે ગરમી વધી રહી છે, એને લીધે લીંબુની માંગ પણ વધી છે. લીંબુના વપરાશમાં વધારો થયો છે. જે ગરીબ પરિવારો મોંઘા લીંબુ નથી ખરીદી શકતા તેઓ લીંબુના ફૂલનો પાવડર ખરીદી રસોઈ બનાવી રહ્યાં છે. સિઝનનો નવો માલ નહિ આવે ત્યાં સુધી લીંબુનો ભાવ હાલ નહિ ઘટે.

નવસારીમાં લઘુત્તમ...

એક જ દિવસમાં ઠંડીનો પારો 4.1 ડિગ્રી ગગડીને 12 ડિગ્રીએ આવી પહોંચ્યો હતો. જેથી ગુલાબી ઠંડી પડી હતી. પરંતુ ગત રોજ ઠંડીનો પારો અડધો ડિગ્રી વધ્યો હતો. જે આજે પણ યથાવત રહ્યો હતો. આજે સોમવારે ઠંડીનો પારો 12.5 ડિગ્રીએ યથાવત રહ્યો હતો. જ્યારે મહત્તમ તાપમાન વધુ 1 ડિગ્રી વધતા 32 ડિગ્રી નોંધાયું હતું. આજે સવારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ 95 ટકા હતું. જે બપોરબાદ ઘટીને 36 ટકા રહ્યું હતું. જ્યારે દિવસ દરમિયાન દક્ષિણ-પશ્ચિમ દિશાએથી 1.6 કિ.મી. ઝડપે પવનો ફૂંકાયા હતા.

વલસાડમાં સોમવારે લોકોને હળવી ઠંડીનો ચમકારો અનુભવાયો હતો. છેલ્લા 24 કલાક દરમિયાન મહત્તમ તાપમાન 30 ડિગ્રી સેલ્સિયસ નોંધાવ્યું હતું. જેને લઈને દિવસ દરમિયાન ગરમી અનુભૂતિ નહીવત થઈ હતી. વલસાડમાં વહેલી સવારે અને મોડી સાંજે ઠંડીની અનુભૂતિ થતા ફરીથી શિયાળાની મોસમ જામી હોવાનું લાગી રહ્યું છે.

યુએઈના રાજાએ...

કહ્યું કે આટલી જગ્યામાં ઉત્તમ મંદિર બનાવી શકાય નહીં. જેથી હું વધુ 13.5 એકર જગ્યા આપું છે. મંદિર માટે પાર્કિંગ પણ હું બનાવી આપીશ. આ રીતે કુલ 27 એકરમાં આ વિશાળ મંદિરનું નિર્માણ થયું. યુએઈએ એવો દેશ છે કે જ્યાં ઈસ્લામ સિવાય બીજો કોઈ જ ધર્મ સ્વીકારાતો નથી ત્યાં આ રીતે ખુદ રાજાએ કરેલી પહેલ એક કોમી એખલાસનો મોટો નમુનો છે.

નાની-નાની...

સ્તંભ બની શક્યા હતા. મંદિરમાં 56 જેટલી જુદીજુદી હેન્ડીક્રાફ્ટેડ છત બનાવવામાં આવી છે.

'કામરેજના ચોર્યાસી ટોલનાકે સ્થાનિક વાહનોને કરમુક્તિ તથા અલગ રૂટ આપો'

કામરેજ નાગરિક સમિતિએ નેશનલ હાઈવેના વિવિધ પ્રશ્નોને લઈને હાઈવે ઓથોરિટીને આવેદનપત્ર પાઠવ્યું, ટોલ બંધ કરવાની ચીમકી

કામરેજ: કામરેજ નાગરિક સમિતિ દ્વારા નેશનલ હાઈવેના વિવિધ પ્રશ્નોને લઈને નેશનલ હાઈવે ઓથોરીટીને આવેદન પત્ર પાઠવવામાં આવ્યુ હતું. જેમાં સ્થાનિક વાહનોને ટોલમાંથી મુક્તિ આપવા સહિતની વિવિધ માંગો રજૂ કરી ટોલ બંધ કરવા સુધીની ચીમકી આપવામાં આવી છે.

આવેદન પત્રમાં જણાવવામાં આવ્યું છે કે ચોર્યાસી ટોલનાકા પર ખૂબ જ ટ્રાફિક રહે છે, લોકલ વાહનોને ટોલમાંથી મુકિત આપવી અને લોકલ વાહનને અલગ એક રૂટ આપવો તેમજ ઈમરજન્સી લાઈન તથા વધારાની બે લાઈનો નવી ચાલુ કરવી. દરરોજ હાઈવે પર વધારે ટ્રાફિક થતા હોય એવા પોઈન્ટવાળા રસ્તાને પહોળા કરવા કે સર્કલ બનાવવા તેમજ નવી પારડી, પીપોદરા, ઘલા પાટિયા, વલથાણ નહેર પર બનાવવા તેમજ કામરેજ ચાર રસ્તા ખોલવડ તરફના સર્વિસ રોડ પર ડિવાઈડર તોડવા, નવી પારડીથી ચલથાણ સુધીના ઓવરબ્રિજ જે બાકી હોઈ તે તાત્કાલીક હાથ ધરવા, પેટ્રોલિંગ વાનની સગવડ ચાલુ કરવી. ચોર્યાસી ટોલનાકા, નવી પારડી રાજ હોટલ, ઘલા પાટિયા, પીપોદરા નહેર, વલથાણ નહેર પર ખૂબ જ ટ્રાફિક રહેતો હોય અને હાલ એક્સપ્રેસ વે ચાલુ થયો નહીં હોવાથી રોડ પહોળા કરવા તેમજ સર્વિસ રોડ પૂર્ણ કરવા. જો આમ નહીં થાય તો આંદોલન કરાશે. આ પત્ર સાસંદ, કામરેજના ધારાસભ્ય તેમજ કામરેજ પ્રાંતને પણ આપવામાં આવ્યું હતું.

એન્જિનિયરિંગ અને...

કારકિર્દી માટે જ પુરતુ નથી. માનવ કલ્યાણ-રાષ્ટ્ર હિતનો ભાવ પણ તેમાં રહેલો હોય છે, ત્યારે SVNITના ધ્યેયસૂત્ર 'વિજ્ઞાનં સારથિ નઃ સ્યાત' ને અનુસરી નવા વિચારો, નવી ઉર્જા અને નવા આત્મવિશ્વાસ સાથે દેશના ઉત્કર્ષના સારથી બનવા અનુરોધ કર્યો હતો.

પદવી ગ્રહણ કરનાર સૌ યુવા વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભાવિ માટે શુભેચ્છાઓ પાઠવતા રાષ્ટ્રપતિએ ઉપસ્થિત સૌ મેધાવી વિદ્યાર્થીઓને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ(AI) અને મશીન લર્નિંગના ઉભરતા ક્ષેત્રમાં પદાર્પણ કરી AI ટેકનોલોજીને દેશના વર્તમાન અને ભાવિને વધુ ઉજ્જવળ બનાવવા કહ્યું હતું.

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો દેશના વિકાસ માટે AI ટેક્નોલોજીના ઉપયોગની અભિનવ પહેલો કરી રહી છે, ત્યારે SVNIT જેવી ટેક્નોલોજી સંસ્થાઓ કોર્પોરેટ સેક્ટર, એનજીઓ અને સંશોધન સંસ્થાઓ સાથે મળીને દેશના 'એઆઈ સ્કિલ ગેપ'ને ઘટાડવા માટે કામ કરે તે અતિ આવશ્યક છે. તેજસ્વી યુવાનો એઆઈ અને મશીન લર્નિંગ જેવી નવીનતમ અને ઝડપથી બદલાતી ટેકનોલોજીની વૈશ્વિક દોડમાં ભારતને અગ્રસ્થાને લઈ જવા માટે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે એવો વિશ્વાસ પણ શ્રીમતી મુર્મુજએ વ્યક્ત કર્યો હતો.

SVNITના ડિરેક્ટર ડો.અનુપમ શુક્લાએ પોતાના સંબોધનમાં SVNITના હકારાત્મક અભિગમના કારણે ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે નવા આયામો સર કરી રહી છે એમ જણાવી ઈન્સ્ટીટ્યૂટની કાર્યક્ષમ ટીમના પ્રયાસોથી આ સંસ્થા ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણધામના રૂપમાં ઊભરી રહી છે એમ જણાવી રાષ્ટ્રપતિશ્રી અને રાજ્યપાલશ્રીને આવકાર્યા હતા.

SVNITના બોર્ડ ઓફ ગવર્નર્સના ચેરમેનશ્રી ભીમસિંઘે પ્રાસંગિક ઉદબોધન કરી સંસ્થાની સિદ્ધિઓ અને રૂપરેખા વર્ણવી હતી. આ પ્રસંગે સહકાર અને ઉદ્યોગ રાજ્યમંત્રી જગદીશભાઈ વિશ્વકર્મા, જિલ્લા કલેકટર ડો.સૌરભ પારધી, ઈન્ચાર્જ પોલીસ કમિશનર વાબાંગ જમીર, રજિસ્ટ્રાર ડો.પ્રમોદ માથુર, એકેડેમી ડીન હિતેશ જરીવાલા, પદ્મશ્રી સવજીભાઈ ધોળકિયા, પદ્મશ્રી મથુરભાઈ સવાણી, અગ્રણી ઉદ્યોગપતિ અને સમાજ સેવક ગોવિંદભાઈ ધોળકિયા સહિત પદવીપ્રાપ્ત વિદ્યાર્થીઓ, સેનેટ અને BoG મેમ્બર્સ તેમજ તેમના માતા-પિતા ઉપસ્થિત રહ્યા હતાં.

લવ, પીસ, હાર્મની...

મહોત્સવ યોજાશે. આ કાર્યક્રમના ભાગરૂપે 11 ફેબ્રુઆરીએ પ્રાતઃ કાળે સમગ્ર વિશ્વમાં સંવાદિતા અને શાંતિ સ્થપાય તેવા શુભ સંકલ્પો સાથે 980 કરતાં વધુ ભક્તો ભાવિકો વૈદિક 'વિશ્વ સંવાદિતા યજ્ઞ'માં જોડાયા હતા. આ યજ્ઞમાં અનેકવિધ મહાનુભાવો, આધ્યાત્મિક ગુરુઓ અને સ્થાનિક કોમ્યુનિટીના અગ્રણીઓએ જોડાઈને યુ.એ.ઇ અને સમગ્ર વિશ્વમાં સૌની શાંતિ, સંવાદિતા અને સફળતા માટે પ્રાર્થના વ્યક્ત કરી હતી.મહંત સ્વામી મહારાજના માર્ગદર્શન હેઠળ આ મંદિરના નિર્માણકાર્યનું સંચાલન કરી રહેલાં સંત બ્રહ્મવિહારીદાસ સ્વામીએ જણાવ્યું હતું, 'ભારતની બહાર આ પ્રકારનો વિશિષ્ટ મહત્વ ધરાવતો યજ્ઞ ભાગ્યે જ યોજાય છે. આ મંદિર આગામી અનેક પેઢીઓ સુધી દ્રઢ કરાવ્યા કરશે.

આવનાર દિવસોમાં 'ફેસ્ટિવલ ઓફ હાર્મની' અંતર્ગત ઉજવાનાર વિશિષ્ટ કાર્યક્રમો વિશિષ્ટ થીમ પર આધારિત હશે, જેમાં વિશ્વના વિવિધ ક્ષેત્રોના અનેક મહાનુભાવો સમ્મિલિત થશે.

મંદિરમાં સાત શિખરો અને સાત ભગવાનની પ્રતિમાઓ, વચ્ચે અક્ષરપુરુષોત્તમ ભગવાનની પ્રતિમા મુકાઈ છે

મંદિરમાં સાત શિખરો છે અને તેમાં સાત ભગવાનની પ્રતિમાઓ મુકવામાં આવી છે.

આ પ્રતિમાઓમાં ભગવાન ઐયપ્પા, તિરૂપતી બાલાજી, રામ-સીતા-લક્ષ્મણ-હનુમાન સહિત ભગવાન રામનો પરિવાર, રાધા-કૃષ્ણ, શિવ-પાર્વતી-ગણેશ-કાર્તિકેય સહિતનો ભગવાન શિવનો પરિવાર તેમજ જગન્નાથપુરીમાં તૈયાર કરાયેલી ભગવાન જગન્નાથની પ્રતિમાનો સમાવેશ થાય છે. આ તમામ પ્રતિમાઓની વચ્ચે અક્ષરપુરુષોત્તમ ભગવાનની પ્રતિમા મુકવામાં આવી છે.

ક્યા દિવસે ક્યા કાર્યક્રમો થશે

તારીખ 14.02.2024: કાર્યક્રમ ૧: પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ, સમય: અબુ ધાબી સમય પ્રમાણે સવારે 7:15 થી 8:15 (ભારતીય સમય પ્રમાણે સવારે 9:15 થી 10:15) અને કાર્યક્રમ ૨ : જાહેર લોકાર્પણ સમારોહ, સંધ્યા કાર્યક્રમ સભા: સાંજે 4:30 થી 8:20, (ભારતીય સમય પ્રમાણે સાંજે 6 થી 9:50) તારીખ: 15.02.2024: સંધ્યા કાર્યક્રમ સભા, સંવાદિતા દિન સમય: સાંજે 6 થી 8 (ભારતીય સમય પ્રમાણે સાંજે 7:30 થી 9:30) તારીખ: 16.02.2024: સંધ્યા કાર્યક્રમ સભા સભ્યતા દિન સમય: સાંજે 6 થી 8 (ભારતીય સમય પ્રમાણે સાંજે 7:30 થી 9:30) તારીખ: 17.02.2024: સંધ્યા કાર્યક્રમ સભા શાંતિ દિન, સમય: સાંજે 6 થી 8 (ભારતીય સમય પ્રમાણે સાંજે 7:30 થી 9:30) તારીખ: 18.02.2024: મંદિર નોંધાયેલા મુલાકાતીઓ માટે સવારે 9 થી 12 વાગ્યા સુધી ખુલશે. (ભારતીય સમય પ્રમાણે સવારે 10:30 થી 1:30), સંધ્યા કાર્યક્રમ સભા: કૃતજ્ઞતા દિન સમય: સાંજે 6 થી 8 (ભારતીય સમય પ્રમાણે સાંજે 7:30 થી 9:30) તારીખ: 19.02.2024: સંધ્યા કાર્યક્રમ સભા મૂલ્યોનો દિન, સમય: સાંજે 6 થી 8 (ભારતીય સમય પ્રમાણે સાંજે 7:30 થી 9:30) તારીખ 20.02.2024: કાર્યક્રમ કીર્તન આરાધના, (ભારતીય સમય પ્રમાણે સાંજે 7:30 થી 9:30) તારીખ 21.02 2024: કાર્યક્રમ પ્રેરણા દિન - મહિલા સભા (ભારતીય સમય પ્રમાણે સાંજે 7:30 થી 9:30)

કાલે વેલેન્ટાઇન ડે...

પણ માંગ રહે છે. વિવિધ કલરફુલ ગુલાબના બુકેના ભાવ 1000થી શરૂ કરીને 3000 રૂપિયા સુધીના થઈ ગયા છે. ફૂલો વેચનાર વેપારીઓ કહે છે કે આ વર્ષે ઉજવણી માટે કોઈ અવરોધ, વિરોધ ન હોવાથી સારી કમાણી થઈ રહી છે. લાલ ગુલાબ, ગુલાબી ગુલાબ, સફેદ ગુલાબ, બહુરંગી ગુલાબ, પીળા ગુલાબ, જાંબલી ગુલાબ, કોરલ રંગનું, નારંગી ગુલાબની માંગ સારી રહી છે. હાલ લગ્નસરાની પણ ચાલી રહી છે ત્યારે માત્ર ગુલાબ જ નહીં, ઓર્કિડ, તુલીપ, લીલી જેવાં વિદેશી ફૂલો પણ ડિમાન્ડમાં છે. લગ્નોમાં ગાડીનાં ડેકોરેશન તથા મંડપ ડેકોરેશનમાં વિદેશી ફૂલોની માંગ વધી રહી છે. એના લીધે પણ ફૂલોના ભાવમાં વધારો નોંધાયો છે. ઓનલાઈન ઈ-કોમર્સ કંપનીઓને વેલેન્ટાઈનના દિવસે ગુલાબના ફૂલના બુકેના ઓર્ડર મળ્યા છે.

માતા પિતા માટે લાલ બત્તી સમાન કિસ્સો: રમી રહેલાં બાળકો પ્રત્યે પણ ધ્યાન આપવું જરૂરી

રમત-રમતમાં પ્લાસ્ટિક સળગાવી રહેલાં બે બાળકોને અજીબ રીતે વીજ કરંટ લાગતા ગંભીર

પલસાણામાં સળગતું પ્લાસ્ટિક ઊડીને સીલિંગ સાથે ટચ થયું અને ત્યાંથી પસાર થતાં વાયરને લાગતાં આઠ અને છ વર્ષનાં બે બાળકો દાઝી ગયાં

સુરત: પલસાણામાં માતા-પિતા માટે લાલબત્તી સમાન કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. પલસાણામાં 6 વર્ષ અને 8 વર્ષના બંને બાળકો પ્લાસ્ટિક સળગાવી રહ્યાં હતાં. ત્યારે તે પ્લાસ્ટિક ઊડીને છતની સીલિંગ સાથે ટચ થયું હતું અને ત્યાંથી પસાર થતા વીજ વાયરને અડી ગયું હતું. જેથી બંને બાળકોને વીજ કરંટ લાગતાં ગંભીર રીતે દાઝી ગયાં હતાં. બંનેને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યાં હતાં.

નવી સિવિલ હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ મૂળ બિહારના વતની વિનોદભાઈ રામ હાલ પલસાણા ચોકડી પાસે આવેલા પ્રવેશ પાર્કમાં સાડીની કંપનીમાં નોકરી કરી પરિવાર સાથે ત્યાં જ રહે છે. વિનોદભાઈના સંતાન પૈકી અંકુશ (ઉ.વ.8) તેના સંબંધીના છોકરા ક્રિષ્ના (ઉ.વ.6) સાથે અગાસી ઉપર રૂમમાં રમતો હતો. ત્યારે અંકુશ અને ક્રિષ્ના માચીસથી પ્લાસ્ટિક સળગાવી રહ્યાં હતાં.

દરમિયાન તે પ્લાસ્ટિક ઊડીને છતની સીલિંગ સાથે ટચ થયું હતું અને ત્યાંથી પસાર થતા વીજ વાયરને અડી ગયો હતો. જેથી અંકુશ અને ક્રિષ્નાને વીજ કરંટ લાગ્યો હતો. આથી બંને ગંભીર રીતે દાઝી ગયાં હતાં. બાળકોની બૂમાબૂમ સાંભળી લોકો દોડી આવ્યા હતા અને 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે લઈને આવ્યા હતા. જ્યાં હાલ બંનેની તબિયત ગંભીર હોવાનું જાણવા મળ્યું હતું.

પંજાબ નૈશનલ બૈંક punjab national bank

...भरोसे का प्रतीक ! ...the name you can BANK upon !

સર્કલ સસ્ત્ર સેન્ટર, સુરત : પહેલો માળ, મેઘાણી ટાવર, સ્ટેશન રોડ, સુરત-૩૯૫૦૦૩ ફોન : ૭૩૮૭૦ ૮૭૨૦૦ email : cs8323@pnb.co.in

સ્થાયી મિલકતની ઈ-હરાજીથી વેચાણ અંગેની જાહેર નોટીસ

ઈ-હરાજી તા.૦૧.૦૩.૨૦૨૪ । નિરીક્ષણ તા.૨૬.૦૨.૨૦૨૪ । (સવારે ૧૧.૦૦ થી સાંજે ૪.૦૦ વાગ્યા સુધી) ઈએમડી ની રકમ ઈ-હરાજી ના સમય સુધી જમા કરી શકાશે.

નં.	શાખાનું નામ / ખાતાનું નામ / દેવાદાર/જામીનદારનું નામ અને સરનામું	સુરક્ષિત કરેલ મિલકતની વિગત / ગીરવે મુકેલ સ્થાયી મિલકતની વિગત અને માલિકનું નામ (મિલકતના ગીરવેદાર)	અ) સરફેસી એકટ ૨૦૦૨ની કલમ ૧૩(૨) હેઠળ માંગણા નોટીસની તારીખ / બ) બાકી રકમ / ક) સરફેસી એકટ ૨૦૦૨ની કલમ ૧૩(૪) હેઠળ લીધેલ કબજાની તારીખ / ડ) કબજાનો પ્રકાર સાંકેતિક/પ્રત્યક્ષ/રચનાત્મક	અ) અનામત કિંમત / બ) ઈએમડી / ક) બોલી વધારાની રકમ (રૂ.લાખમાં)	Property ID :
૨૯.	પીએનબી : સેલવાસ (૧૧૭૩૧૦) શ્રી જયેશ કિશોરભાઈ ભાનુશાળી (દેવાદાર) : ફ્લેટ નં.૫૦૮, પમો માળ, સાંઈ દર્શન બિલ્ડીંગ, ગામ વલવાડા, તા.ઉમરગામ, જી.વલસાડ–૩૯૬૧૯૧ અને : પ્રમુખ હીલ્સ, બી–ટાવર, ૧૦૩, છરવાડા, હરિયા હોસ્પિટલ પાસે, વલસાડ, વાપી–૩૯૬૧૯૧ શ્રી જીગર લીલાધર ભાનુશાળી (જામીનદાર) ૭૦૩, સેવન જ્વેલ્સ, ભાવસાર પેટ્રોલ પંપ પાસે, વાપી, વલસાડ–૩૯૬૧૯૧	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત સાંઈ દર્શન નામની બિલ્ડીંગના પમાં માળનો ફ્લેટ નં.૫૦૮ જેનુ આશરે માપ ૧૦૧૦.૦૦ ચો.ફુટ એટલે કે ૯૩.૮૬ ચો.મી. સુપર બિલ્ટ અપ એરીયા જેની જમીનમાં આશરે ૧૦.૦૦ ચો.મી.ના વણવહેંચાયેલ હિસ્સા સહિતનું બાંધકામ ગામતળની જમીન આશરે માપ ૯૭૫.૦૦ ચો.મી. મોજે ગામ વલવાડા, તા.ઉમરગામ, જી.વલસાડ, ગુજરાત ખાતે આવેલ જમીન ઉપર થયેલ છે. જે શ્રી જયેશ કિશોરભાઈ ભાનુશાળીની માલિકીનો આવેલ છે.	અ) ૦૫.૦૧.૨૦૧૮ બ) રૂ.૧૭,૬૪,૯૦૪.૦૦ + વધારાનું વ્યાજ + તેના ઉપરના ખર્ચાઓ ક) ૨૦.૦૫.૨૦૨૨ ડ) પ્રત્યક્ષ કબજો	અ) રૂ.૧૦.૮૨ બ) રૂ.૧.૧૦ ક) રૂ.૦.૧૦	PUNB208620 JAYESH
૩૦.	પીએનબી : વાપી (૩૯૦૩૦૦) મે.કોસ્ટેન (માલિક શ્રી મનુભાઈ એમ પંચાલ, શ્રીમતી જયાબેન બિપીનચંદ્ર પટેલ) : ૨૩૦, હિના આર્કેડ, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી, ગુજરાત–૩૯૬૧૯૫ શ્રી મનુભાઈ એમ પંચાલ : આરસીએલ–૨૪/૨૭૭, ચાંદ કોલોની, જીઆઈડીસી વાપી, તા.પારડી. અને : જી–૧, સમ્રાજ્ય એપાર્ટમેન્ટ, બિલ્ડીંગ નં.૩, ગોકુલ વિહાર ટાઉનશીપ, ને.હા.૮, છરવાડા રોડ, વાપી, ગુજરાત–૩૯૬૧૯૫ અને : બી–૨૦૭, માપ, પ્લોટ નં.૬–૧૨, સર્વે નં. ૩૨૦/પૈકી, સરગમ કો.ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી, વાપી–૩૯૬૧૯૫	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી રહેણાંકની મિલકત સરગમ કો.ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિ. સ્થિત ફ્લેટ નં.બી–૨૦૭, જેનું માપ ૧૦૪૧ ચો.ફુટ, પ્લોટ નં.૬–૧૨, સર્વે નં.૩૨૦ પૈકી ગામ વાપી, તા.પારડી, જી.વલસાડ ખાતે શ્રીમતી જયાબેન બિપીનચંદ્ર પટેલની માલિકીનો આવેલ છે.	અ) ૨૧.૦૪.૨૦૨૧૪ બ) રૂ.૨૬,૭૨,૬૧૫.૦૦ + વધારાનું વ્યાજ + તેના ઉપરના ખર્ચાઓ ક) ૧૫.૧૦.૨૦૧૪ ડ) પ્રત્યક્ષ કબજો	અ) રૂ.૨૨.૫૦ બ) રૂ.૨.૨૫ ક) રૂ.૦.૨૦	PUNB3903 COSTEN
૩૧.	પીએનબી : ચલા (૫૯૯૦૦૦) શ્રી બલરામકુમાર પોદ્દાર અને સહદેવાદાર શ્રીમની પીંકીદેવી પોદ્દાર : ફ્લેટ નં.૫૧૨, પમો માળ, ડી–બિલ્ડીંગ, શાંતિ એન્ક્લેવ, હરિયા પાર્ક, ડુંગરા, વાપી.	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત શાંતિ એન્કલેવ નામની ડી બિલ્ડીંગ ના પમા માળનો રહેણાંકનો ફ્લેટ નં.૫૧૨ જેનું આશરે માપ ૭૭૦.૦૦ ચો.ફુટ યાને ૭૧.૫૩ ચો.મી. બિલ્ટ અપ એરીયા જેની જમીનમાં આશરે ૧૦.૦૦ ચો.મી.ના વણવહેંચાયેલ હિસ્સા સહિતનું બાંધકામ પ્લોટ નં.૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૨૨ અને ૨૩ જેનું કુલ આશરે માપ ૨૭૯૦.૬૯ ચો.મી. કોમ્પ્યુટરાઈઝ્ડ સર્વે નં.૨૯૩/પૈકી/પ્લોટ નં. ૯ થી ૧૬ અને કોમ્પ્યુટરાઝ્ડ સર્વે નં.૨૯૩/પૈકી આશરે માપ ૨૦૨૩૪.૦૦ ચો.મી., હરિયા પાર્ક, ગામ ડુંગરા, વાપી નગરપાલિકીના હદ વિસ્તારમાં, તા.વાપી, જી.વલસાડ, ગુજરાત ખાતે આવેલ જમીન ઉપર થયેલ છે જે શ્રી બલરામકુમાર યોગેન્દ્ર પોદ્દાર ના નામે આવેલ છે.	અ) ૨૭.૦૪.૨૦૨૧ બ) રૂ.૧૮,૩૯,૦૩૧.૨૪ + વધારાનું વ્યાજ + તેના ઉપરના ખર્ચાઓ ક) ૧૭.૧૦.૨૦૨૩ ડ) પ્રત્યક્ષ કબજો	અ) રૂ.૧૪.૦૫ બ) રૂ.૧.૪૧ ક) રૂ.૦.૨૦	PUNB599000 BALRAM
૩૨.	પીએનબી : વાપી (૩૯૦૩૦૦) શ્રી આશિષકુમાર બાબુભાઈ પટેલ : પ્લોટ નં.૧૪૫/બી, સોના સરિતા, સાંઈ રીવર ની બાજુમાં, સ્વામીનારાયણ ઈંગ્લીશ મિડીયમ સ્કુલ પાસે, ધરમપુર રોડ, અબ્રામા વલસાડ–૩૯૬૦૦૨ શ્રીમતી તન્વી આશિષકુમાર પટેલ (સહદેવાદાર) ૪૩, જીલ્લા પંચાયત કોલોની, તીથલ રોડ, વલસાડ–૩૯૬૦૦૧, ગુજરાત	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત સોના સરિતા સ્થિત પ્લોટ નં.૧૪૫/બી જેનું માપ ૭૮.૭૫ ચો.મી. નો રહેણાંકનો પ્લોટ નં.૧૪૫, કુલ માપ આશરે ૧૫૭.૫૦ ચો.મી. કોમ્પ્યુટરાઈઝ્ડ સર્વે નં.૧૪૪/પી.૧/પી.૧૧, એન.એ. થયેલ જમીન રેવન્યુ સર્વે નં.૧૪૪, મોજે ગામ અબ્રામા, તા.જી.વલસાડ, ગુજરાત ખાતે શ્રી આશિષકુમાર બાબુભાઈ પટેલ અને શ્રીમતી પટેલ તન્વી અશોકભાઈ ની માલિકીનો આવેલ છે.	અ) ૨૬.૦૪.૨૦૨૩ બ) રૂ.૩૦,૪૩,૯૯૨.૮૯ + વધારાનું વ્યાજ + તેના ઉપરના ખર્ચાઓ ક) ૧૫.૧૦.૨૦૨૩ ડ) પ્રત્યક્ષ કબજો	અ) રૂ.૨૮.૧૪ બ) રૂ.૨.૮૫ ક) રૂ.૦.૨૦	PUNB390300 ASHISH
૩૩.	પીએનબી : ચલા (૫૯૯૦૦૦) મે.જે. ડી. ફેશન : શ્રી વિનોદભાઈ બાલુભાઈ પટેલ (દેવાદાર) : ૨૦/૩, ધેલવાડ ફળિયા, ડાભેલ, દમણ, દમણ અને દીવ–૩૯૬૨૧૦ શ્રીમતી પુષ્પાબેન વિનોદભાઈ પટેલ (જામીનદાર) ૨૦/૩, ધેલવાડ ફળિયા, ડાભેલ, દમણ, દમણ અને દીવ–૩૯૬૨૧૦	દુર્ગા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ નામની આર.સી.સી. બિલ્ડીગનાં પહેલા માળનો ઈન્ડસ્ટ્રીયલ ગાળા નં.૧૩એ, જેનું માપ આશરે ૬૧૫.૦૦ ચો.ફુટ કાર્પેજ એરીયા અને ગાળા નં.૧૩બી, જેનું માપ આશરે ૩૮૭.૦૦ ચો.ફુટ કાર્પેટ એરીયા, મેઝનાઈન ફ્લોરની બહારની બાલ્કની નું માપ આશરે ૨૧૭.૦૦ ચો.ફુટ મળી કુલ માપ આશરે ૧૨૨૯.૦૦ ચો.ફુટ જેનું બાંધકામ એન.એ. થયેલ સર્વે નં.૭૨૦/૮ વાળી મોજે ડાભેલ ગૃપ ગ્રામ પંચાયત ના ન્યાયીક વિસ્તારમાં, ડાભેલ, નાની દમણ, દમણ ખાતે આવેલ જમીન ઉપર થયેલ છે (જે શ્રી વિનોદ બાલુભાઈ પટેલની માલિકીના છે.) ભારતી શોપીંગ કોમ્પલેક્ષ નામની બિલ્ડીંગ નાં પહેલા માળની દુકાન નં.૪૭ જેનું આશરે માપ ૩૬.૦૦ ચો.ફુટ સુપર બિલ્ટ અપ એરીયા જેનું બાંધકામ એન.એ. થયેલ જમીન સર્વે નં.૭૨૩/૫ વાળી આશરે ૨૫૦૦.૦૦ ચો.મી. ગામ ડાભેલ, નાની દમણ ખાતે આવેલ જમીન ઉપર થયેલ છે. (જે શ્રીમતી પુષ્પા વિનોદ પટેલની માલિકી ની છે.)	અ) ૦૫.૦૧.૨૦૨૨ બ) રૂ.૩૨,૯૬,૬૬૪.૬૩ + વધારાનું વ્યાજ + તેના ઉપરના ખર્ચાઓ ક) ૨૯.૧૧.૨૦૨૨ ડ) પ્રત્યક્ષ કબજો	અ) રૂ.૧૨.૯૫ બ) રૂ.૧.૩૦ ક) રૂ.૦.૧૦ અ) રૂ.૧૨.૫૬ બ) રૂ.૧.૨૬ ક) રૂ.૦.૧૦	PUNB599000 13 PUNB599000 11
૩૪.	પીએનબી : મજૂરા (૦૭૯૧૦૦) મે. મંગલ ફેબ : (માલિક) શ્રી રાકેશ શ્રીગોપાલ દ્વારા : ૧૦૦૧–૧૦૦૨, જય રાધે માર્કેટ, રીંગ રોડ, સુરત અને ફ્લેટ નં ૧૦૩, રૂદ્રાક્ષ એપાર્ટમેન્ટ, એ/૩, પરવટ પાટીયા, મગોબ, સુરત. શ્રી લાલચંદ મીશ્રીલાલ તવારી (જામીનદાર) ફ્લેટ નં.એ/૬૦૪, શ્રી મુરલીધર ફ્લેટ, સ્વીટ હાઉસ, સીટી લાઈટ રોડ, સુરત. શ્રી આનંદ મીશ્રીલાલ તવારી (જામીદાર) ફ્લેટ નં.બી/૨૦૩, ગીરધર ફ્લેટ, સ્વીટ હાઉસ, સીટી લાઈટ, સુરત.	શિવ રેસીડન્સી સ્થિત રહેણાંકની પ્રિમાઈસીસ પ્લોટ નં.૧૫, જેનું માપ ૬૦.૨૨ ચો.મી., રે.સ.નં.૩૫૧/૨, બ્લોક નં.૪૨૦, હલધરૂ ગામ, કામરેજ, સુરત ખાતે શ્રી લાલચંદ મીશ્રીલાલ તવારીની માલિકીનો આવેલ છે. શિવ રેસીડન્સી સ્થિત રહેણાંકની પ્રિમાઈસીસ પ્લોટ નં.૧૬, જેનું માપ ૬૦.૨૨ ચો.મી. રે.સ.નં.૩૫૧/૨, બ્લોક નં.૪૨૦, હલધરૂ ગામ, કામરેજ, સુરત ખાતે શ્રી લાલચંદ મીશ્રીલાલ તવારીની માલિકીનો આવેલ છે. શિવ રેસીડ